

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 03,(SURAT), DATE-08/07/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૦૩, (સુરત), તા.૦૮/૦૭/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 કણજા રેતીકાંડમાં ૭ વ્યક્તિને રૂ.૧૨.૭૬ લાખથી વધુનો દંડ:

3 પુજારીઓ માટે વિશેષ યુનિફોર્મ, રિસાયક્લ પ્રસાદ પરંપરા બંધ...

4 સુરત જિલ્લામાં ધોધમાર વરસાદ:શોપિંગ સેન્ટરમાં પાણી ભરાયા

# સુરતમાં સાંબેલાધાર વરસાદ

## વાવાઝોડા જેવા પવન સાથે ખાબકેલા વરસાદમાં ૨૩ થી વધુ વૃક્ષો ધરાશાયી, અનેક વાહનો કચડાયા; ફાયર બ્રિગેડની ટીમો દોડતી થઈ









સુરત- સુરત શહેરમાં આજે સોમવારે સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કાળાડિબાંગ વાદળોની ઘેરાબંધી વચ્ચે વિજળીના કડાકા-ભડાકા અને તેજ ગતિએ ફૂંકાયેલા પવન સાથે ધમાકેદાર વરસાદ ખાબક્યો હતો. પાંચ ઇંચ ધોધમાર વરસાદ અને મિની વાવાઝોડા જેવી સ્થિતિને કારણે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં એક સામટા ૨૩થી વધુ તોતિંગ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી છે. રસ્તાઓ પર ઝાડ પડવાના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેને પગલે ફાયર બ્રિગેડનો કાફલો યુદ્ધના ધોરણે કામગીરી કરવા માટે દોડતો રહ્યો હતો.

ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમમાંથી મળતી વિગતો અનુસાર સાંજે શરૂ થયેલા મુશળધાર વરસાદને પગલે શહેરના તમામ ઝોનમાંથી એક પછી એક ઝાડ પડવાના કોલ આવવાનું શરૂ થયું હતું. અડાજણ પાટીયા પાસે રોડ કિનારે ઉભેલી એક ફોર-વ્હીલર કાર પર તોતિંગ વૃક્ષ તૂટી પડ્યું હતું. જ્યારે સુમુલ ડેરી રોડ પર પાર્ક કરેલા એક ટેમ્પા પર ઝાડ પડતા વાહનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ઉપરાંત બોમ્બે માર્કેટ રોડ પર પણ ચાલુ વાહને ઝાડ પડવાની ઘટના સામે આવી હતી. પવન એટલો તેજ હતો કે કેટલાય વર્ષો જુના વૃક્ષો જળમૂળમાંથી ઉખડીને રસ્તા પર આડા પડ્યા હતા.

એકસાથે ૨૩થી વધુ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાના મેસેજ મળતા જ સુરત ફાયર બ્રિગેડની અલગ-અલગ સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે રવાના થઈ હતી. ફાયર લશ્કરોએ કટર વડે ઝાડની ડાળીઓ કાપીને રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી રાત સુધી ચાલુ રાખી હતી. સદનસીબે, આ તમામ ઘટનાઓમાં વાહનોને ભારે નુકસાન થયું હોવા છતાં, કોઈ નાગરિકને ઈજા કે જાનહાનિ થઈ ન હોવાના અહેવાલ મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

## સોનગઢનો ડોસવાડા ડેમ ઓવરફ્લો:ઉપરવાસમાં વરસાદથી ૧૭ ગામોને એલર્ટ કરાયા



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ડોસવાડા ગામે આવેલો ડોસવાડા વિયર ડેમ ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ઓવરફ્લો થયો છે. ગાયકવાડી શાસનકાળનો આ ઐતિહાસિક ડેમ છલકાઈ જતાં વહીવટી તંત્ર સક્રિય બન્યું છે અને સાવચેતીના ભાગરૂપે હેઠવાસના ૧૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. અધિકારીઓ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ડોસવાડા ડેમની સપાટી પરથી હાલ ૨.૪ સેન્ટિમીટર પાણી વહી રહ્યું છે.

## સુરત જિલ્લામાં સરેરાશ ૧૫ ઇંચ વરસાદ:કલેક્ટર પરમારે ચોમાસાની સ્થિતિની સમીક્ષા કરી, તંત્ર સજ્જ



બારડોલી- ચોમાસાની વર્તમાન સિઝનમાં સુરત જિલ્લામાં નોંધાયેલા સાર્વત્રિક વરસાદ અને જળાશયોની સ્થિતિ અંગે જિલ્લા કલેક્ટર તેજસ પરમારે સમીક્ષા કરી છે. તેમણે જણાવ્યું કે, તમામ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

કલેક્ટર તેજસ પરમારે માહિતી આપતા જણાવ્યું કે, હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર વરસાદની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. છેલ્લા ૬-૭ દિવસથી જિલ્લામાં વરસાદ નોંધાયો હતો, પરંતુ છેલ્લા બે દિવસમાં વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. વર્તમાન સિઝનમાં સવારની સ્થિતિએ જિલ્લામાં સરેરાશ ૩૮૨.૨૫ મિમી વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬:૦૦ વાગ્યાથી અત્યાર સુધીમાં જિલ્લામાં સરેરાશ ૪.૫ મિમી વરસાદ નોંધાયો છે, જેમાં કામરેજ, ચોર્યાસી, પલસાણા, મહુવા અને ઓલપાડ તાલુકામાં વધુ વરસાદ પડ્યો છે.

વરસાદની ગતિ ધીમી પડી હોવા છતાં સુરત જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે 'રેડ એલર્ટ' પર છે. ઇન્ડિયન મેટોરોલોજીકલ ડિપાર્ટમેન્ટ તરફથી દર ત્રણ કલાકે મળતી હવામાનની વિગતો મુજબ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ રાખવામાં આવી રહી છે. સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં મામલતદાર કચેરી ખાતેના કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત છે. કલેક્ટરે ઉમેર્યું કે, જયારે પણ કોઈ પ્રકારની માહિતી કે આપત્તિની વિગત મળે છે ત્યારે ફાયર બ્રિગેડ સહિતની સંબંધિત ટીમો એલર્ટ મોડ પર રહે છે.

જળાશયની સ્થિતિ અંગે માહિતી આપતા કલેક્ટરે જણાવ્યું કે, ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૨૧ ફૂટ છે, જેની સરખામણીએ હાલ ડેમની પાણીની સપાટી અંદાજે ૩૧૦ ફૂટની નજીક છે. ઉપરવાસમાં વરસાદને પગલે ઉકાઈ ડેમમાં પાણીની આવક ધીમે-ધીમે વધી રહી છે. સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે વહીવટી તંત્ર સતત સંપર્કમાં છે.

## ઈન્સ્ટાગ્રામને પેઈડ જાહેરાતોમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફી રોકવા આદેશ



નવી દિલ્હી: વોટ્સએપના યુઝરનેમ ફીચર પછી હવે કેન્દ્ર સરકારે ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતોમાં બાળકોના જાતીય શોષણ અને દુર્વ્યવહાર સંબંધિત કન્ટેન્ટ (સીએસઈએએમ) અંગે મેટાને આકરી નોટિસ ફટકારી છે અને તુરંત સુધારાત્મક પગલાં લઈ સાત દિવસમાં વિસ્તૃત જવાબ આપવાનું જણાવ્યું છે. બીજીબાજુ ટેક્નોલોજી જાયન્ટ મેટાએ જણાવ્યું કે, કંપની સીએસઈએએમ મુદ્દે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવી રહી છે.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે ઈન્સ્ટાગ્રામને સીએસઈએએમને પ્રોત્સાહન આપતી અને તેના સુધી પહોંચ સરળ બનાવતી બધી જ જાહેરાતો અને કન્ટેન્ટ તાત્કાલિક હટાવવા આદેશ આપ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતોનો ઉપયોગ કથિત રીતે યુઝર્સને એવા બાહ્ય પ્લેટફોર્મ પર મોકલવા માટે કરાઈ રહ્યો હતો જયાં બાળકોના જાતીય શોષણ અને દુર્વ્યવહાર સંબંધિત ગેર કાયદે કન્ટેન્ટ હોય છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 'રેપ વીડિયો' અને 'ચાઈલ્ડ વીડિયો' જેવા શબ્દોવાળી પેઈડ જાહેરાતો દર્શાવાતી હોવાનો આક્ષેપ છે. આ જાહેરાતો મારફત યુઝર્સને એવી ટેલિગ્રામ ચેનલો પર લઈ જવાતા હતા જ્યાં કથિત રીતે સીએસઈએએમ કન્ટેન્ટ વેચાતું હતું. સરકારે સવાલ કર્યો કે આવી જાહેરાતોને મંજૂરી કેવી રીતે મળી.

આ બાબત સામે આવતા કેન્દ્ર સરકારે મેટાને તુરંત આવા કન્ટેન્ટના પ્રચાર અને પ્રસાર રોકવા માટે પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફત બાળકોના જાતીય શોષણ સંબંધિત ગેરકાયદે કન્ટેન્ટના પ્રસાર અને તેના સુધી પહોંચ સરળ બનાવવાના વધતા દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે તેવા સમયે કેન્દ્ર સરકારે મેટાને નોટિસ ફટકારી છે. કેન્દ્ર સરકારે મેટાને આ અંગે માહિતી નહીં આપવાના કિસ્સામાં ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ અને બાળકોનું જાતીય ગુનાઓથી સંરક્ષણ કાયદા (પોક્સો), ૨૦૧૨ હેઠળ કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.






Date- 08/07/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કણજા રેતીકાંડમાં ૭ વ્યક્તિને રૂ.૧૨.૭૬ લાખથી વધુનો દંડ: હિટાચી મશીન અને યાંત્રિક નાવડી વડે ખનન થતું હતું



વ્યારા- વ્યારા તાલુકાના કણજા ગામમાં તાજેતરમાં જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીની ટીમે ગેરકાયદે રેતી ખનન સામે ત્રાટકી મોટી કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન વાહનો, યાંત્રિક નાવડીઓ અને હિટાચી મશીન સહિતના સાધનો ઝડપાયા હતા. સમગ્ર પ્રકરણમાં ભૂસ્તર વિભાગે વિગતવાર તપાસ પૂર્ણ કર્યા બાદ સંડોવાયેલા ૭ વ્યક્તિઓ સામે કુલ રૂ.૧૨,૭૬,૭૮૨ નો દંડ ફટકાર્યો છે.

વ્યારા ના કણજા ખાતે ભૂસ્તર વિભાગની તપાસમાં ગેરકાયદે ખનન અને ખનિજ પરિવહન સંબંધિત નિયમોના ભંગની પુષ્ટિ થતાં વિવિધ આરોપીઓને અલગ-અલગ રકમનો દંડ તેમજ પર્યાવરણીય વળતર વસૂલવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સૌથી વધુ રૂ.૩.૬૪ લાખનો દંડ હેનીલ ગોવિંદ આહીરને ફટકારવામાં આવ્યો છે, જ્યારે ચૌધરી પંકજભાઈ માસાભાઈને ૪ યાંત્રિક નાવડી અને ૧ હિટાચી મશીનના ઉપયોગ બદલ રૂ.૩.૫૪ લાખથી વધુનો દંડ કરવામાં આવ્યો છે.આ કાર્યવાહીથી જિલ્લામાં ગેરકાયદે રેતી ખનન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. ભૂસ્તર વિભાગે સ્પષ્ટ કર્યું છે કે કુદરતી સંપત્તિની લૂંટ ચલાવનારાઓ સામે આવી જ કડક કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે અને ખનિજ ચોરી કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહી.

# ઉમરપાડાના જંગલમાં ભારે વરસાદ, વાહનવ્યવહાર પ્રભાવિત: ખેડૂતોમાં ખુશી, મામલતદારે સાવચેતી રાખવા અપીલ કરી





ઉમરપાડા- સુરત જિલ્લામાં એક દિવસના વિરામ બાદ મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરી છે. સુરતના 'મિની ચેરાપુંજી' તરીકે ઓળખાતા ઉમરપાડા તાલુકામાં અનરાધાર વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું છે. તાલુકાના જંગલ વિસ્તારોમાં ધોધમાર વરસાદને પગલે કુદરતી કોતરો અને નદી-નાળાઓમાં નવા નીરની આવક થઈ છે.

ભારે વરસાદના કારણે ઉમરપાડાના કદવાલીથી ચોખવાડા ગામને જોડતો મુખ્ય માર્ગ જળમગ્ન થઈ ગયો હતો. રસ્તા પર પાણીનો ભારે પ્રવાહ વહેતો હોવાથી વાહન વ્યવહાર થોડા સમય માટે સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, વરસાદનું જોર ઘટતા પાણી ઓસર્યા હતા અને રસ્તો ફરી કાર્યરત થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઉમરપાડા તાલુકાના મોટાભાગના ખેડૂતો આકાશી ખેતી પર નિર્ભર છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ મેઘમહેર આશીર્વાદ સમાન સાબિત થઈ છે. પાકને જીવનદાન મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે, સાથે જ જંગલ વિસ્તારમાં વરસાદને કારણે કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.

હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉમરપાડા મામલતદારે નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, વરસાદ દરમિયાન કોઈપણ વ્યક્તિએ પાણીના વહેણ કે કોતરોમાં જવાનું ટાળવું અને તંત્રની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવું. ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી તંત્ર પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

## ૧ કલાકમાં 3 ઈંચ વરસાદથી જળબંબાકાર

# સુરતમાં રસ્તાઓથી લઈ સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાયા, જનજીવનને માઠી અસર; બે યુવકોના મોત



સુરત- ભારે વરસાદની આફત વચ્ચે એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે, જેમાં બે આશાસ્પદ યુવકોના અકાળે મોત નિપજ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતક યુવકોના પરિવારજનોમાં ભારે આક્રોશ સાથે શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદી માહોલ દરમિયાન વીજ કરંટ લાગવાથી બંને યુવકોના મોત થયા છે. જો કે, ઘટના સમયે આકાશમાં ભારે વીજળીના કડાકા-ભડાકા પણ થઈ રહ્યા હતા. આથી યુવકોનું મોત શોર્ટ સર્કિટના કારણે કરંટ લાગવાથી થયું છે કે પછી કુદરતી આફત એટલે કે વીજળી પડવાના કારણે થયું છે, તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

હાલ પૂરતું આ સમગ્ર મામલો ભારે રહસ્ય અને તપાસનો વિષય બન્યો છે. પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધીને બંને યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ જાણી શકાશે અને તે આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

શહેરમાં આજે હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદની ચેતવણી સાથે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. સાંજના સમયથી જ સમગ્ર શહેરમાં કાળાડિબાંગ વાદળોના ગડગડાટ અને તીવ્ર વીજળીના કડાકા-ભડાકા સાથે મુશળધાર વરસાદ તૂટી પડ્યો હતો. માત્ર થોડા જ કલાકોમાં ખાબકેલા અનરાધાર વરસાદના કારણે સમગ્ર સુરત શહેર પાણી-પાણી થઈ ગયું છે. ખાસ કરીને શહેરના તમામ નીચાણવાળા વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

## સુરતમાં ભારે વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા

# વરાછાની ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાતા વેપારીઓ ચિંતિત, ૫ વિશાળ વૃક્ષ ધરાશાયી



સુરત- હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી રેડ એલર્ટની આગાહી સુરતમાં સાચી સાબિત થઈ રહી છે. આજે ૭ જુલાઈ વહેલી સવારથી જ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી છે. સવારથી જ પડી રહેલા ધોધમાર વરસાદના કારણે સમગ્ર સુરત પાણી-પાણી થઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી જનજીવન પ્રભાવિત થયું છે, જ્યારે વાહનચાલકો અને નોકરિયાત વર્ગ ભારે મુશ્કેલીમાં મુકાયો છે.

ધોધમાર વરસાદના કારણે સુરતના વરાછા વિસ્તારમાં સ્થિતિ વધુ વણસી છે. વરાછા ખાતે આવેલી જાણીતી દિવાળીબાગ ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં ઘૂંટણ સુધીના પાણી ભરાઈ ગયા છે. કારખાના અને દુકાનોની બહાર પાણી જમા થઈ જતાં વેપારીઓમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે જો વરસાદ આવો ને આવો ચાલુ રહેશે તો માલસામાન પલળી જવાથી મોટા પાયે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે છે.

ભારે વરસાદની સાથે ફૂંકાયેલા જોરદાર પવનના કારણે શહેરમાં પાંચ જેટલા મોટા વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી છે. સદનસીબે આ દુર્ઘટનાઓમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. જોકે, રસ્તા પર વૃક્ષો પડવાને કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી અને ક્રેન તેમજ કટરની મદદથી વૃક્ષોને કાપીને રસ્તા પરથી હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. હવામાન વિભાગની રેડ એલર્ટની ચેતવણીને પગલે સુરત મહાનગરપાલિકા અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલ માટે પંપિંગ સ્ટેશનો કાર્યરત કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા નાગરિકોને બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ મીડિયા પર વહેતી થતી અફવાઓથી દૂર રહેવા ખાસ અપીલ કરવામાં આવી છે.

## લોકો હાલાકી ભોગવ્યા બાદ તંત્રને યુદ્ધના ધોરણે સમારકામ

# ખોડતળાવ-બેડકુવાદુર રોડ પર ગર નાળું ધોવાતા પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી



વ્યારા- વ્યારા તાલુકાના ખોડતળાવ બજાર ફળિયાથી બેડકુવાદુરને જોડતા મુખ્ય માર્ગ પર નાળું વરસાદી પાણીના પ્રથમ જ જોરદાર પ્રવાહમાં ધોવાઈ જતાં માર્ગ વાહનવ્યવહાર માટે બંધ થયો હતો. પરિણામે ગ્રામજનો, વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી હતી.

આ ઘટનાની જાણ થયા બાદ વહીવટી તંત્ર અને માર્ગ-મકાન વિભાગ (પંચાયત) હરકતમાં આવ્યું હતું. જેસીબી મશીનની મદદથી ધોવાઈ ગયેલા નાળા પર પથ્થર અને જી.એસ.બી. મટિરિયલનો ભરાવો કરીને રસ્તો તાત્કાલિક સમતળ કરવામાં આવ્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર ફરી શરૂ થઈ શક્યો હતો.

જોકે, સ્થાનિકોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે જો વરસાદ પહેલાં રસ્તા અને નાળાની ગુણવત્તાની યોગ્ય તપાસ તેમજ જાળવણી કરવામાં આવી હોત તો આવી પરિસ્થિતિ સર્જાત જ નહીં. વરસાદ શરૂ થતાં જ રસ્તા અને નાળાં ધોવાઈ જવાની ઘટનાઓ વિકાસ કાર્યોની ગુણવત્તા અને દેખરેખ સામે ગંભીર પ્રશ્નો ઉભા કરી રહી છે.

લોકોનું કહેવું છે કે તંત્ર દર વર્ષે નુકસાન થયા પછી જ 'યુદ્ધના ધોરણે' કામગીરી કરે છે, જ્યારે આગોતરા આયોજન અને ગુણવત્તાયુક્ત કામગીરી કરે તો આવી સ્થિતિ ટાળી શકાય.

ખોડતળાવના એક વાહનચાલકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે,'દર વર્ષે વરસાદ આવે એટલે રસ્તા અને નાળાં ધોવાઈ જાય છે. પછી તંત્ર 'યુદ્ધના ધોરણે' કામ કરે છે, પરંતુ વરસાદ પહેલાં જ યોગ્ય ગુણવત્તાનું કામ કરવામાં આવે તો અમારે મુશ્કેલી ભોગવવાનો વારો ન આવે. કલાકો સુધી રસ્તો બંધ રહેતાં લોકોને લાંબો ચક્કર મારીને જવું પડે છે. આવી પરિસ્થિતિ માટે જવાબદારો સામે કાર્યવાહી પણ થવી જોઈએ.

## જ્યાં સુધી ભાડું કે વૈકલ્પિક આવાસ નહી મળે, હટીશું નહી

# ભેસ્તાન આવાસ યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે રહીશો રસ્તા પર આવ્યા, સુરત મનપાની બેધારી નીતિ સામે સવાલ



સુરત- સુરત મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને 'ઝૂંપડપટ્ટી મુક્ત શહેર'ના નામે પાકા મકાનો તો ફાળવી દેવાયા, પરંતુ તંત્રની કથિત લાપરવાઈ અને લોટપાણીયા બાંધકામને કારણે આજે સેંકડો પરિવારો રસ્તા પર આવી ગયા છે. ભેસ્તાન વિસ્તારમાં આવેલા ભીમનગર આવાસ (ઝડ-૨૨, ફાઈનલ પ્લોટ નં. ૨૩) અને સરસ્વતી આવાસ (TP-૨૨, ફાઈનલ પ્લોટ નં. ૭૦) ના સેંકડો રહીશો આજે પોતાની પડતર માંગણીઓ અને વહીવટી તંત્રના અન્યાય સામે સુરત મનપાની કચેરી રતાપી ભવન ખાતે ઉમટી પડ્યા હતા અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આંદોલન કરી રહેલા સ્થાનિક રહીશોનો મુખ્ય આક્ષેપ છે કે, પાલિકા તંત્ર દ્વારા તેમના વર્ષો જૂના ઝૂંપડા હટાવીને જે પાકા આવાસો આપવામાં આવ્યા હતા, તેની બાંધકામ ગુણવત્તા એટલી હલકી કક્ષાની હતી કે મકાનો માત્ર એક જ વર્ષમાં જર્જરિત થઈ ગયા હતા. છેલ્લા દસ વર્ષથી આ વિસ્તારના લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. અવારનવાર સ્લેબના પોપડા પડવા છતાં મનપાના સંવેદનહીન તંત્ર દ્વારા રહીશોની રજૂઆતોને સતત નજરઅંદાજ કરવામાં આવી રહી છે.

હવે તંત્ર આ જર્જરિત મકાનો ખાલી કરવા દબાણ કરે છે, પરંતુ વૈકલ્પિક આવાસ કે ભાડાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. રહીશોનો આક્ષેપ છે કે બિલ્ડરોના સ્વાર્થ ખાતર ગરીબોને કાયમી ધોરણે બેઘર કરવાનું આ મોટું કાવતરું છે.

આજે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન એક હૃદયસ્પર્શી દ્રશ્ય જોવા મળ્યું હતું. રહીશો જયારે તાપી ભવન બહાર મનપા વિરુદ્ધ નારેબાજી કરી રહ્યા હતા, ત્યારે અચાનક ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. સામાન્ય રીતે આવા સમયે ભીડ વિખેરાઈ જતી હોય છે, પરંતુ વર્ષોથી અન્યાય સહન કરી રહેલા પુરુષો, મહિલાઓ અને વૃદ્ધો જરાય ડગ્યા નહોતા અને પલળતા પલળતા પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરવાનું ચાલુ રાખ્યું હતું.

# ઉકાઈ ડેમની જળસપાટીમાં ૧ ફૂટનો વધારો: કેચમેન્ટમાં ભારે વરસાદથી પાણીની આવક ૩૯,૫૪૮ ક્યુસેક નોધાઈ



તાપી (વ્યારા)- દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં કેચમેન્ટ વિસ્તારમાં થયેલા ભારે વરસાદને કારણે નવા પાણીની નોંધપાત્ર આવક થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની જળસપાટીમાં ૧ ફૂટથી વધુનો વધારો નોંધાયો છે.

ગત સવારે ૬ વાગ્યાથી આજ સવારે ૬ વાગ્યા સુધીમાં ડેમની જળસપાટી ૩૦૮.૭૪ ફૂટથી વધીને ૩૦૯.૭૮ ફૂટ પર પહોંચી છે. આ સમયગાળામાં પાણીની આવક ૬,૨૯૩ ક્યુસેકથી વધીને ૩૯,૫૪૮ ક્યુસેક થઈ ગઈ છે.

ઉકાઈ ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે. હાલની જળસપાટી ભયજનક સપાટીથી ઘણી નીચે હોવાથી પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. બીજી તરફ, ડેમમાંથી હાઈડ્રો પાવર જનરેશન માટે ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં પણ ડેમમાં પાણીની આવક વધવાની સંભાવના છે.

## તંત્રી લેખ.......


તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### પડવું ખરાબ નથી, પડયા પછી પડયા રહેવું ખરાબ છે

આ મુક્તકની ચાર પંક્તિઓ જીવનના યુદ્ધમેદાનમાં ઊભેલા દરેક માણસના ખભા પર મૂકાયેલો એક મજબૂત હાથ છે. એક એવો અવાજ છે જે કહે છે, ''રડવું હોય તો રડી લે, પરંતુ રડીને બેસી ન રહે. ઊભો થા, ધૂળ ખંખેરી દે અને ફરી ચાલવાનું શરૂ કર.''

જીવનમાં સૌથી સહેલું કામ શું? ફરિયાદ કરવી. અને સૌથી મુશ્કેલ? સંજોગોને હરાવીને આગળ વધવું. માણસ જયારે મુશ્કેલીઓથી ઘેરાઈ જાય ત્યારે તેને લાગે છે કે આખી દુનિયા તેની વિરુદ્ધ થઈ ગઈ છે. આંખો ભીની થઈ જાય, હોઠ મૌન અને મન વારંવાર એક જ પ્રશ્ન પૂછે, ''શા માટે મારી સાથે જ આવું?'' અંગ્રેજીમાં તેને ુ'રઅ સ?દ ઇફેક્ટ કહે છે.

માણસ પથ્થર નથી. દુઃખ થાય ત્યારે આંખો ભીની થવી સ્વાભાવિક છે. પરંતુ જો આંસુઓ જ સરનામું બની જાય તો સફર આગળ ક્યાંથી વધે? સમુદ્રના કિનારે ઊભેલા જહાજને ક્યારેય તોફાનથી ડર નથી લાગતો, તેને ખબર હોય છે કે તેનો જન્મ બંદરમાં ઊભા રહેવા માટે નહીં, દરિયાને ચીરીને આગળ વધવા માટે થયો છે.

વીર માણસ એ નથી જે ક્યારેય રડતો નથી. વીર માણસ એ છે જે રડી લીધા પછી ઊભો થાય છે ને લડી લે છે! બાળક ચાલવાનું શીખતું હોય ત્યારે તે કેટલીય વાર પડે છે. જો તે પહેલી ઠોકર પછી જ નક્કી કરી લે કે હવે હું ચાલી નહીં શકું, તો કદાચ તે આખી જિંદગી ઘસડાતું રહે. પરંતુ તે પડે છે, રડે છે, ઊભું થાય છે અને ચાલવાનો પ્રયત્ન કરે છે. અંતે દોડવા લાગે છે. જીવન પણ આવું જ છે. ઠોકરો જીવનનો વિરોધ નથી, માર્ગદર્શન છે.

ખેડૂત જમીનમાં બીજ રોપે છે. પછી તરત પાક ઊગી નીકળતો નથી. બીજ જમીનની અંદર દટાય છે, તે અંધકાર સહન કરે છે, વરસાદનો માર વેઠે છે, માટીનો ભાર વેઠે છે. ત્યાર પછી જ તે અંકુર બને છે. ઘણા લોકો પોતાને દટાયોલા માને છે, જયારે હકીકતમાં તેઓ વાવવામાં આવ્યા હોય છે. ભગવાન આપણને દાટતા નથી, વાવતા હોય છે.

વિચારવા જેવી વાત એ છે કે જો માત્ર તકદીર જ બધું નક્કી કરતી હોત તો પછી પરિશ્રમનો જન્મ જ શા માટે થયો હોત? જો નસીબ જ બધું લખતું હોત તો ખેડૂત ખેતરમાં હળ શા માટે ચલાવત? વિદ્યાર્થી રાત્રે જાગીને અભ્યાસ શા માટે કરત? ખેલાડી હજારો કલાકોની મહેનતમાં ગળાડૂબ કેમ રહેત? એક જૂની કહેવત છે : ''તકદીર દરવાજો ખખડાવે છે, પરંતુ દરવાજો ખોલવો તો તમારે જ પડે.'' ઘણા લોકો આખી જિંદગી બારણું ખોલ્યા વગર જ ફરિયાદ કરતા રહે છે કે નસીબ મારા ઘરે આવ્યું નહીં.

માણસની સૌથી મોટી મૂડી તેની સંપત્તિ નથી, તેની પ્રતિભા પણ નથી. તેની સૌથી મોટી મૂડી તેનો આત્મવિશ્વાસ છે. જે માણસ પોતાને હારી જાય, તેને દુનિયાની કોઈ જીત બચાવી શકતી નથી. અને જે માણસ પોતાની અંદરની આશાને જીવંત રાખે છે, તેને દુનિયાની કોઈ શક્તિ હરાવી શકતી નથી. ઇતિહાસ સાક્ષી છે કે મહાન સિદ્ધિઓ અશક્યતાની રાખમાંથી જન્મી છે.

પર્વતને જોઈને કેટલાક લોકો પાછા વળી જાય છે, જયારે કેટલાક લોકો બૂટની દોરી વધુ મજબૂત બાંધી લે છે. જીવનમાં ઘણી મુશ્કેલીઓ આપણને હરાવવા નહીં, ડરાવવા આવતી હોય છે. તે જોવા માગે છે કે આપણે કેટલા મજબૂત છીએ. સોનાને પણ ઘરેણું બનતા પહેલાં અગ્નિમાંથી પસાર થવું પડે છે. હીરાને પણ ચમકતા પહેલાં અસંખ્ય ઘસારા સહન કરવા પડે છે. નદી પણ પથ્થરો સાથે અથડાઈને જ સંગીત શીખે છે. તો પછી માણસને મુશ્કેલીઓ વગર મહાન બનવાનો અધિકાર ક્યાંથી મળી જાય?

એક વાત યાદ રાખવા જેવી છે, જીવનમાં પડવું ખરાબ નથી, પડયા પછી પડયા રહેવું ખરાબ છે. વીરતા તલવાર ચલાવવામાં નથી. વીરતા તો એમાં છે કે જયારે જીવન આપણને ઘૂંટણિયે પાડી દે ત્યારે ફરી ઊભા થઈ જઈએ. કદાચ એટલા માટે જ દુનિયાની સૌથી રસપ્રદ વાર્તાઓ એવા લોકોની છે જેમણે સંજોગો સામે હાર માનવાનો ઇનકાર કર્યો. ક્યારેક આપણે જીતીએ છીએ. ક્યારેક આપણે શીખીએ છીએ. પરંતુ હારીએ ત્યારે જ છીએ જયારે પ્રયત્ન કરવાનું બંધ કરી દઈએ.

## વડાપ્રધાન મોદીને ઇન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન, UPI થી લઈને ક્રિટિકલ મિનરલ્સ સુધી 3 મહત્ત્વપૂર્ણ કરાર



ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તોના અંગત આમંત્રણ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ત્રણ દેશોના પોતાના રાજદ્વારી પ્રવાસના ભાગરૂપે ઇન્ડોનેશિયાની રાજધાની જાકાર્તા પહોંચ્યા છે. વડાપ્રધાન મોદીની આ ચોથી ઇન્ડોનેશિયા યાત્રા છે. જયાં તેમનું અત્યંત ભવ્ય અને ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદીનું વિમાન જેવું ઇન્ડોનેશિયાની હવાઈ સરહદમાં પ્રવેશ્યું કે તરત જ ત્યાંના લશ્કરી ફાઇટર જેટ્સે તેમના વિમાનને ગાર્ડ ઓફ ઓનર તરીકે એસ્કોર્ટ કર્યું હતું. એરપોર્ટ પર રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તોએ પોતે તેમનું ઔપચારિક સ્વાગત કર્યું અને પરંપરાગત સાંસ્કૃતિક નૃત્ય દ્વારા પીએમ મોદીને આવકારવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપ્રમુખ સુબિયાન્તો સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. જેમાં તેમની સાથે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ સચિવ વિક્રમ મિસરી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઐતિહાસિક પ્રવાસ દરમિયાન ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશનું સર્વોચ્ચ સન્માન ૩બિન્તાંગ આદિપૂર્ણ ઓફ ધ રિપબ્લિક ઓફ ઇન્ડોનેશિયા મેડલ એનાયત કરવાની જાહેરાત કરી હતી. આ સન્માન બદલ આભાર વ્યક્ત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે,'વર્ષ ૨૦૧૮ માં સ્થપાયેલી આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હવે નવી ઊંચાઈઓ સર કરી રહી છે.'

સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા વડાપ્રધાન મોદીએ બંને દેશો વચ્ચે થયેલા મહત્વના કરારોની જાહેરાત કરી હતી.

ડિજિટલ પેમેન્ટ: ભારતનું UPI હવે ઇન્ડોનેશિયાની પેમેન્ટ સિસ્ટમ સાથે જોડવામાં આવશે.

સપ્લાય ચેઈન મજબૂત કરવી: બંને દેશો ક્રિટિકલ મિનરલ્સ (મહત્વપૂર્ણ ખનિજો) અને સ્ટીલ ક્ષેત્રમાં સપ્લાય ચેઈનને વધુ મજબૂત કરવા માટે સહમત થયા છે.

સંરક્ષણ અને દરિયાઈ સહયોગ: ઇન્ડોનેશિયા દ્વારા ભારતના બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ ખરીદવાના સીમાચિહ્નરૂપ સોદા બાદ બંને દેશો વચ્ચે સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા સમન્વયને ઉચ્ચ અગ્રિમતા આપવામાં આવી છે.

પીએમ મોદીએ ઉમેર્યું કે, 'આપણી સંસ્કૃતિ, વર્તમાનનો ભરોસો અને ભવિષ્યની સમૃદ્ધિ સમાન છે. મને વિશ્વાસ છે કે આપણે સાથે મળીને 'ઇન્ડોનેશિયા ઇમાસ' (ગોલ્ડન ઇન્ડોનેશિયા) અને વિકસિત ભારતના વિઝનને સાકાર કરીશું. વૈશ્વિક રાજકારણમાં ચાલી રહેલી ઉથલપાથલ અંગે વાત કરતા વડાપ્રધાન મોદીએ પેલેસ્ટાઈન મુદ્દે ભારતનું વલણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'આવા વૈશ્વિક તણાવના સમયમાં સંવાદ અને ડિપ્લોમેસી (રાજદ્વારી વાટાઘાટો) ની ભૂમિકા પહેલા કરતાં વધુ મહત્વની બની ગઈ છે. પેલેસ્ટાઈનના મુદ્દા પર ભારત 'ટુ-સ્ટેટ સોલ્યુશન' અને લાંબા ગાળાની શાંતિનું સમર્થન કરે છે.'

## પુજારીઓ માટે વિશેષ યુનિફોર્મ, રિસાયકલ પ્રસાદ પરંપરા બંધ... હરિદ્વારના પ્રસિદ્ધ મંદિરમાં નવા નિયમો જાહેર



ઉત્તરાખંડના હરિદ્વારમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ મા મનસા દેવી મંદિર ટ્રસ્ટ દ્વારા ચઢાવાની વ્યવસ્થાને સંપૂર્ણ પારદર્શક બનાવવા માટે એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરમાં ફરજ બજાવતા તમામ પુજારીઓ હવે ફરજ દરમિયાન ખિસ્સા વગરના ખાસ કુર્તા પહેરીને જ સેવા આપશે, જેથી કોઈ પણ પુજારી ચઢાવાના પૈસા પોતાના ખિસ્સામાં ન મૂકી શકે. રામ મંદિરમાં ચઢાવાને લઈને સામે આવેલા વિવાદો બાદ મનસા દેવી મંદિર પ્રશાસને આ મોટું પગલું ભર્યું છે.

ખાસ યુનિફોર્મ: આગામી ૨ થી ૩ દિવસમાં તમામ પુજારીઓ માટે ખિસ્સા વગરનો ખાસ યુનિફોર્મ તૈયાર કરવામાં આવશે, જે ફરજ દરમિયાન પહેરવો ફરજિયાત રહેશે.

## વ્યારામાં 'યુવા આપદા મિત્ર' સ્વયંસેવકોને તાલીમ અપાઈ:ફર્સ્ટ એઇડ અને સર્ચ-રેસ્ક્યૂ માટે SDRF દ્વારા માર્ગદર્શન



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના વ્યારા સ્થિત પોલીસ હેડક્વાર્ટર ખાતે રવિવારે યુવા આપદા મિત્ર સ્વયંસેવકો માટે વિશેષ આપત્તિ વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈપણ આકસ્મિક આપત્તિ કે કટોકટીના સમયે સ્થાનિક સ્તરે ત્વરિત બચાવ કામગીરી શરૂ કરી જાનમાલનું નુકસાન અટકાવવાનો હતો.

આ તાલીમ શિબિરમાં SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) ની વાવ ટીમ દ્વારા યુવાનોને પૂર, વાવાઝોડું અને અન્ય કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન ઉપયોગી વિવિધ રેસ્ક્યૂ તકનીકોનું પ્રાયોગિક માર્ગદર્શન અપાયું હતું. રેસ્ક્યૂ રાફ્ટ અને અન્ય આધુનિક બચાવ સાધનોના લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા પૂરના પાણીમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાની પદ્ધતિઓ વિગતવાર સમજાવવામાં આવી હતી. આ ઉપરાંત, કટોકટીના સમયે ઈજાગ્રસ્ત વ્યક્તિઓ માટે ૩ગોલ્ડન અવર માં આશીર્વાદરૂપ સાબિત થતી પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઇડ) અને CPR આપવાની સાચી રીતો વિશે પણ નિષ્ણાત ટ્રેનર્સે મહત્વની માહિતી પૂરી પાડી હતી. આ વિશેષ તાલીમનું આયોજન ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA) દ્વારા યુવા આપદા મિત્ર સ્કીમ (YAMS) અંતર્ગત કરાયું હતું. SPIPA, 'મેરા યુવા ભારત' (MYB) અને NSS ના સહયોગ તથા તાપી ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંકલનથી સ્થાનિક યુવાનોને આપત્તિ વ્યવસ્થાપન માટે સક્ષમ બનાવવાનો પ્રયાસ કરાયો છે.

## હાઈવે ઉપર રખડતા પશુઓ અને મંદિર પાસેના દબાણો દૂર કરો

### જિલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠકમાં કલેક્ટરની અકસ્માત અટકાવવા તમામ વિભાગને તાકીદ



ભરૂચ- નર્મદા જિલ્લા કલેક્ટર ગંગાસિંઘની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા રોડ સેફ્ટી કમિટીની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં માર્ગ સલામતીને વધુ અસરકારક બનાવવા, માર્ગ અકસ્માતોમાં મોટો ઘટાડો કરવા તથા જાહેર રસ્તાઓ પર નાગરિકોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા માટેના વિવિધ ગંભીર મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન જિલ્લા રોડ સેફ્ટી કમિટીના સભ્ય સચિવ અને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી નિમિષા પંચાલે નર્મદા જિલ્લાના જાહેર માર્ગો પર રખડતા પશુઓની ગંભીર સમસ્યા રજૂ કરી હતી.

પશુઓના કારણે હાઈવે પર અવારનવાર સર્જાતા અકસ્માતો, તેના પરિણામે પશુઓ અને માનવજીવનને થતી ગંભીર ઇજાઓ તેમજ મોતના કિસ્સા અટકાવવા માટે કયા જરૂરી પગલાં લેવા તે અંગે તેમણે વિગતવાર માહિતી આપી હતી.

આ બેઠકમાં રાહદારીઓની સુરક્ષા અને જિલ્લા હાઈવે ટાસ્ક ફોર્સની રચના અંગે ચર્ચા થઈ હતી. રાજપીપળા ખાતે આવેલા પ્રખ્યાત હરસિદ્ધિ માતાજીના મંદિર નજીક ગેરકાયદેસર દબાણોના કારણે રોજબરોજ સર્જાતી ટ્રાફિકની જટિલ સમસ્યાનો મુદ્દો ગાજયો હતો.

આ ઉપરાંત, ચાલુ વર્ષે મે દરમિયાન જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતોનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદે મોબાઇલ ફોનનો ઉપયોગ કરનારા ૪ આરોપીઓ સાયબર ક્રાઇમ પોલીસના હાથે ઝડપાયા



જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઇલ ફોન રાખી તેનો ઉપયોગ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ચાર આરોપીઓને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા સફળ ટેક્નિકલ તપાસના આધારે ઝડપી પાડવામાં આવ્યા છે.

નાયબ પોલીસ મહાનિરીક્ષક, રાજકોટ વિભાગના નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ તેમજ જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે. એન. ઝાલાના સુપરવિઝનમાં જેલમાં ગેરકાયદેસર મોબાઇલ ફોનના ઉપયોગને અટકાવવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગર જિલ્લા જેલમાં જડતી દરમિયાન એક બિનવારસી મોબાઇલ ફોન મળી આવતા આ અંગે જામનગર સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩, ૩૧૬ (૨), ૬૧ (૨) તેમજ પ્રિઝન એક્ટની કલમ ૪૨, ૪૩ અને ૪૫ (૧૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની તપાસ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આઈ.એ. ધાસુરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## વાપીના છીરીમાં ૧૨ કિલો ગાંજા અને દેશી તમંચા સાથે બે આરોપી પકડાયા



વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચે વાપીના છીરી ખાતે આવેલી ચાલીની રૂમમાં છાપો મારી ૧૨.૨૫૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો, દેશી તમંચો, મોબાઇલ સહિત રૂ.૬.૨૮ લાખનો જપ્ત કર્યો હતો. જયારે બે આરોપીની ધરપકડ કરી ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે ટીમે વાપીના છીરી વડીયાવાડમાં કેયુર પટેલની ચાલીની રૂમમાં છાપો માર્યો હતો. છાપા દરમિયાન બે શખ્સો હાજર મળી આવ્યા હતા. પોલીસે રૂમમાં તપાસ કરતા લીલાસ પડતા વનસ્પતિજન્ય પાવડર ભરેલી કોથળીઓ મળી આવી હતી. પોલીસે એફએસએલની મદદથી હાથ ધરેલા પરિક્ષણમાં ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. રૂમમાં સઘન તપાસ કરતા દેશી બનાવટનો તમંચો પણ મળી આવ્યો હતો.

પોલીસે રૂ.૬.૧૨ લાખની કિંમતનો ૧૨.૨૫૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો, તમંચો, બે મોબાઇલ, વજનકાંટો સહિત કુલ રૂ.૬.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે બે આરોપી પિન્ટુ સત્યનારાયણ ભગત જયસ્વાલ (ઉં.વ. ૩૧, રહે. છીરી, વાપી) અને ત્રિપુરારીકુમાર હૃદય નારાયણ યાદવ (ઉં.વ.૨૮, રહે. છીરી, વાપી) ની ધરપકડ કરી હતી. બન્ને આરોપીની પુછપરછમાં કેયુર નવનીતભાઇ પટેલ (રહે. છીરી વડીયાવાડ, વાપી), કલીમ ઉર્ફે હકલા અલીમુદીન સૈયદ (રહે. ગાયત્રીનગર, કોપરલી રોડ, છીરી, વાપી) અને લલનકુમાર સત્યનારાયણ ભગત (રહે. છીરી, વાપી) અને વિશાલ (રહે. છીરી વડીયાવાડ, વાપી) ની સંડોવણી બહાર આવી છે. ડુંગરા પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કલીમ, લલનકુમાર અને વિશાલને વોન્ટેડ જાહેર કર્યા છે.

અત્રે નોંધનીય છે કે વલસાડ જિલ્લામાં છેલ્લા છ મહિના ગાંજાના એનડીપીએસના ૪૦ કેસો કરી રૂ.૨ કરોડથી વધુનો જથ્થો જપ્ત કરી ૭૦ આરોપીની ધરપકડ કરી હતી. જિલ્લામાં પોલીસે એનડીપીએસના કેસો કરી રહી છે પણ હજી સુધી આ દુષણ નસ્તેનાબુદ નહી થતા ચિંતાનો વિષય બન્યો છે.

Date- 08/07/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### સુરત સિવિલમાં નવજાત બાળકની સુરક્ષા માટે જડબેસલાક વ્યવસ્થા

## મંજૂરી વગર બાળકને વોર્ડમાંથી બહાર કઢાશે તો સાયરન વાગશે, મોલ જેવી હાઈટેક RFID એન્ટી-થેફ્ટ સિસ્ટમ કાર્યરત





સુરત-સરકારી હોસ્પિટલોમાં સુરક્ષા વ્યવસ્થા હંમેશા ચર્ચાનો વિષય રહેતી હોય છે, પરંતુ સુરતની નવી સિવિલ હોસ્પિટલે સુરક્ષાના મામલે દક્ષિણ ગુજરાતમાં એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. સિવિલ હોસ્પિટલ પ્રશાસને નવજાત શિશુઓની સુરક્ષાને ચુસ્ત બનાવવા અને હોસ્પિટલમાંથી થતી બાળક ચોરીની ઘટનાઓ પર કાયમી બ્રેક લગાવવા માટે એક અત્યંત આધુનિક અને અનોખી ટેક્નોલોજીકલ પહેલ કરી છે.

હોસ્પિટલના નિયોનેટલ ICU (NICU) ની બહાર હવે શોપિંગ મોલ જેવી હાઇટેક RFID (રેડિયો ફ્રીક્વન્સી આઇડેન્ટિફિકેશન) સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવી છે. આ સિસ્ટમ કાર્યરત થતાં જ હવે કોઈપણ અજાણી કે અનધિકૃત વ્યક્તિ ડોક્ટરોની પરવાનગી વિના બાળકને વોર્ડની બહાર લઈ જઈ શકશે નહીં. જો કોઈ આવો પ્રયાસ કરશે, તો તુરંત જ ગેટ પર મોટો સાયરન (બીપ) વાગી જશે અને સિક્યુરિટી સ્ટાફ એલર્ટ થઈ જશે. સુરત સિવિલ હોસ્પિટલના ઇન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ ડો. પારુલ વડગામાએ આ પ્રોજેક્ટ વિશે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ભૂતકાળમાં બનેલી ઘટનાઓમાંથી બોધપાઠ લઈને આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે. આશરે એક વર્ષ પહેલાં સુરત સિવિલ હોસ્પિટલમાંથી જ એક માસૂમ બાળક ચોરાઈ ગયું હતું. સદનસીબે ભારે જહેમત બાદ બે દિવસમાં એ બાળક મળી આવ્યું હતું, પરંતુ આવી ઘટનાઓ ફરી ક્યારેય ન બને અને કોઈ માતા-પિતાએ પોતાની કાળજાના ટુકડાને ગુમાવવાનો ડર ન રાખવો પડે, તે માટે અમે આ કાયમી અને આધુનિક ઈલાજ શોધ્યો છે.

## સુરત જિલ્લામાં ધોધમાર વરસાદ:શોપિંગ સેન્ટરમાં પાણી ભરાયા, દુકાનદારોને દુકાનો બંધ રાખવાની ફરજ પડી



માંગરોળ, ઓલપાડ- ગુજરાત પર એક સાથે પાંચ વેધર સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં નોંધપાત્ર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે આજે પણ પાંચ જિલ્લામાં અત્યંત ભારે અને ત્રણ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આ ભારે વરસાદને કારણે સુરત જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે.

સુરત જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે કીમ ચારરસ્તા નજીક આવેલા ફિરદૌસ શોપિંગ સેન્ટરમાં પાણી ભરાઈ ગયા હતા. શોપિંગ સેન્ટરમાં પાણી ભરાવાને કારણે દુકાનદારોને તેમની દુકાનો બંધ રાખવાની ફરજ પડી હતી, જેના લીધે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે દર વર્ષે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. પાણી ભરાવાના કારણે વેપારીઓને આર્થિક નુકસાન પણ વેઠવું પડે છે.

આ પરિસ્થિતિ અંગે તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી ન હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો ઝડપથી વરસાદી પાણીનો નિકાલ થાય અને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

### કીમમાં ભર ચોમાસે ચાલતી ભૂંગળા નાખી ગટર બનાવવાની કામગીરીથી લોકો હેરાન

## પ્રિમોનસુન કામગીરીમાં વેઠ ઉતારાતા વરસાદી પાણી નિકાલની ગંભીર સમસ્યા ઉદભવી હતી



બારડોલી- કીમમાં વરસાદી પાણી નિકાલની ગંભીર સમસ્યા ઉદભવી છે ઉપરાંત હાલમાજ નવો મુખ્ય સીસીમાર્ગ બન્યો હોય જેનું લેવલ ઊંચું થતા રોડ સાઈડના વિસ્તારો નીચા થતા વરસાદી પાણીનો ભરાવો થયો છે. ત્યારે ભરચોમાસે ચાલતી ભૂંગળા નાખી ગટર બનાવવાની ચાલતી સદર કામગીરીથી લોકો ભારે હેરાન થઈ રહ્યા છે.

ચોમાસા પૂર્વે સ્થાનિક તંત્ર દ્વારા યોગ્ય પ્રિ-મોનસુન કામગીરી ન થવાથી હાલ બદતર પરિસ્થિતિ ઉદભવી હોવાનું જાગૃત નગરજનો જણાવી રહ્યા છે. કીમના મુખ્ય માર્ગને અડીને આવેલા નવજીવન સોસાયટી, અંબાજી મંદિર ચાલ,સાધના કુટીર હોસ્પિટલ,અમૃતનગર જેવા વિસ્તારમાં હાલ વરસેલા ધોધમાર વરસાદને કારણે વરસાદી પાણીનો ભરાવો થતા સ્થાનિકો ભારે હેરાન થઈ રહ્યા છે.

ત્યારે ચોમાસા પૂર્વે ન થયેલી યોગ્ય પ્રિમોનસુન કામગીરી હાલ નગરજનોને બાનમાં લીધા હોય તેવા દ્રશ્યો જોવા મળે છે.પંચાયત દ્વારા હાલ ભૂંગળા નાખી મુખ્ય માર્ગને અડીને ગટરલાઇન તાત્કાલિક ધોરણે બનાવવામાં આવી રહી છે. અમૃતનગર થી મુખ્ય બજાર તરફ જતા મોટા ભૂંગળા નાખી કામગીરી થઈ રહી છે.

વરસતા વરસાદ વચ્ચે પણ તંત્ર કામગીરી વહેલી પૂર્ણ કરવા મથામણ કરી રહ્યું છે.જોકે ભરચોમાસે સદર પરિસ્થિતિ ઉદભવતા લોકો પણ હેરાન થઈ રહ્યા છે. સદર કામગીરીને કારણે માર્ગ બંધ કરવો પડતા વાહનચાલકો પણ હેરાન થઈ રહ્યા છે. ટ્રાફિક સમસ્યા પણ ઉદભવી રહી છે. જોકે પંચાયત પણ કામગીરી પુરઝડપે કરી હોય તે વચ્ચે વહેલી તકે કામગીરી પૂર્ણ થાય અને ઉદભવેલી પરિસ્થિતિ જલ્દી સુધરે એની રાહ જોઈ રહ્યા છે.

## ઓલપાડના અટોદરામાં જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા: પોલીસે રૂ. ૯૦,૦૦૦ થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો



ઓલપાડ- સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના અટોદરા ગામની સીમમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ઓલપાડ પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે અંજની હોમ્સ સોસાયટી પાછળના ખુલ્લા ખેતરમાંથી ગંજીપાના વડે જુગાર રમતા છ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે જુગારના સ્થળેથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને મોટરસાયકલ સહિત કુલ રૂ. ૯૦,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઝડપાયેલા આરોપીઓમાં પ્રફુલ બળવંત રાઠોડ (રહે. અટોદરા), સાહિલ મુકેશ જોગી (રહે. ઓલપાડ), અર્જુન બાલુ દેવિપૂજક (રહે. ઓલપાડ), અક્ષય કમલેશ રાઠોડ (રહે. સાંધિયેર), વિપુલ ઉર્ફે રપ્પો પ્રવીણ રાઠોડ (રહે. સાંધિયેર) અને ફુરકાન સલીમ મેમણ (રહે. અટોદરા) નો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન અજય દેવિપૂજક અને ફેનીલ (બંને રહે. ઓલપાડ) નામના બે શખ્સો પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ શરૂ કરી છે. ઓલપાડ પોલીસે તમામ ઝડપાયેલા અને ફરાર આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હાથ લગાડતા જ સિમેન્ટના પોપડા હાથમાં આવતા હોવાનો આક્ષેપ

## લોકાર્પણ પહેલાં જ હરીપુરા તરફનો એપ્રોચ બેસી જતાં ડામર ઉખેડી ફરી કામગીરી શરૂ



કડોદ- બારડોલી તાલુકાના હરિપુરા ની સીમમાં તાપી નદી પર કડોદ, કોસાડી, માંડવી સહિતના ૧૫થી વધુ ગામોને જોડવા રૂ.૭૪ કરોડના ખર્ચે બનેલો હાઇલેવલ બ્રિજ લોકાર્પણ પહેલાં જ વિવાદના વમળમાં ફસાયો છે. ૧૧ તારીખે બ્રિજનું ઉદ્ઘાટન થવાનું છે, પરંતુ તે પહેલાં જ બ્રિજ પર મોટી તિરાડો અને ભૂવા પડી જતાં ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી છે.

સ્થાનિકોની ગંભીર ફરિયાદોને પગલે સ્વાતિબેન પટેલે સ્થળ પર મુલાકાત લીધી ત્યારે ૧.૬૦૦ મીટર બ્રિજ પર તિરાડો પડી ગઈ છે. બ્રિજના પિલરના જોઇન્ટ્સમાં પણ તિરાડો દ્રશ્યમાન થઈ રહી છે. એટલું જ નહીં, બ્રિજ પર માત્ર હાથ લગાડતાની સાથે જ સિમેન્ટના પોપડા ઉખડી રહ્યા છે! આર એન્ડ બી (માર્ગ અને મકાન) વિભાગને તાકીદે જાણ કરીને અધિકારીઓને સ્થળ પર દોડાવવામાં આવ્યા હતા.

સ્થાનિકો અને જનપ્રતિનિધિઓ આક્રોશ સાથે સવાલ ઉઠાવી રહ્યા છે કે, ‘શું આને જ વિકાસ કહેવાય જ્યાં લોકોના જીવનું જોખમ હોય?‘ આગામી દિવસોમાં આ બ્રિજ પરથી હજારો વાહનો અને ભારે માલવાહક ટ્રકો પસાર થવાની છે, ત્યારે આ હલકી ગુણવત્તાના બ્રિજનું ભવિષ્ય શું? મુખ્યમંત્રી કક્ષાએથી આ પ્રોજેક્ટમાં થયેલી ગેરરીતિઓની તટસ્થ તપાસ કરાવીને કડક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માગ ઉઠી છે.

હરીપુરા તાપી રિવર બ્રિજના નિર્માણમાં કઈ હદ સુધી વેઠ ઉતારવામાં આવી છે તેનો જીવતો જાગતો પુરાવો બ્રિજની સેફ્ટી વોલ (સુરક્ષા દીવાલ) પર જોવા મળી રહ્યો છે. બ્રિજના એપ્રોચ માટે બંને બાજુ જે સેફ્ટી દીવાલ બનાવવામાં આવી છે, તેના જોઇન્ટ્સ વચ્ચે ટેકનિકલ ખામીના કારણે મોટી ગેપ (જગ્યા) પડી ગઈ છે. અને જે કલરકામ કરવામાં આવ્યું છે તેમાં પણ પોપડા ઉખરી રહ્યા છે.


**સ્થાનિકોની ગંભીર ફરિયાદોને પગલે સ્વાતિબેન પટેલે સ્થળ પર મુલાકાત લીધી ત્યારે ૧.૬૦૦ મીટર બ્રિજ પર તિરાડો પડી ગઈ છે.**

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર

ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)